## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડિયર... હવે પપ્પા, દેશની જેમ, કેશલેસ થઈ ગયા છે... એટલે તારો મોબાઈલ નહીં કરાવી શકું...!!

## સે-૭ વિસ્તાર તસ્કરોએ બાનમાં લીધો

# સેકટર-૭માં વધુ એક ઘરફોડ

### નિવૃત્ત શિક્ષક દિકરીના ઘરે ગયા ને તસ્કરો મકાનનું તાળુ તોડી હાથફેરો કરી ગયા : સે-૭માં દોઢ માસમાં સાત ઘરફોડ ચોરીઓ : વસાહતીઓ ભયભીત

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૭ વિસ્તારને તસ્કરોએ બાનમાં લઈ લીધો હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે. દોઢેક માસના સમયગાળામાં સે-૭ વિસ્તારમાં સાત ઘરફોડ ચોરીઓ થવા પામી છે. આ મામલે ગાંધીનગર શહેરીજન સંસ્થા દ્વારા પોલીસને લેખિત અરજી આપી સઘન પેટ્રોલીંગ કરવા માંગ પણ કરી છે. ત્યાર બાદ ગઈ કાલે વધુ એક ઘરફોડ ચોરી સે-૭-ના એક નિવૃત્ત શિક્ષકના બંધ મકાનમાં થવા પામી છે. આ મામલે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૭ ખાતે દોઢ માસમાં ૭ મકાનોના તાળા તુટયા તેમની યાદી સાથે ગાંધીનગર શહેરીજન સંસ્થા દ્વારા પોલીસને સઘન પેટ્રોલીંગની માંગ સાથે અરજી આપવામાં આવી છે.અરજી આપ્યા બાદ ગઈ કાલે વધુ એક ઘરફોડ ચોરી સે-૭માં થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. દોઢ માસમાં સેકટર-૭માં સાત-સાત મકાનોના તાળા તુટયા તેમ છતાં પોલીસના પેટનું પાણી હલતું નથી. સેકટર-૭-એ પ્લોટ નં. ૩૩૧/૧ ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક ચિમનભાઈ ધનજીભાઈ રાઠોડ ગઈ કાલે સે-૨૧માં રહેતી તેમની દિકરીના ઘરે ગયા હતા. આજે સવારે ઘરે પરત આવ્યા તો તેમના મકાનનું તાળુ તેટલું હતું.મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડીને તસ્કરો અંદર ઘુસી સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૧૧,૫૦૦ મળી કુલ રૂ.૫૮ હજારનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે નિવૃત્ત શિક્ષકે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ હાથ ધરી છે.

# કાયદાની ઐસીતૈસી કરી શાળા સંચાલકોની ફી ઉઘરાણી

### વિધાનસભામાં ડોનેશન પર પ્રતિબંધ ફરમાવતુ વિધેયક પસાર કરાયું છતાં કાયદો શાળા સંચાલકોને માન્ય નથી : વાલીઓને ફી જમા કરાવવા ફરમાન

ગાંધીનગર, તા. ૫

વિધાનસભામાં શાળાઓની ફી નિર્ધારણનુ વિધેયક પસાર કરી દેવાયુ છે અને આ મુદ્દે કાયદો બનાવાયો છે. તેમ છતાં શાળા સંચાલકો ફી ઘટાડવા રાજી નથી તેવી ફરીયાદો ઉઠવા પામી છે. ગાંધીનગર સહિત રાજ્યની ખાનગી શાળાઓમાં હજુ મનફાવે તે રીતે ફી ઉઘરાવાઈ રહી છે તેવું વાલીઓ જણાવી રહ્યા છે.

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ફી નિર્ધારણ મામલે તાજેતરમાં વિધાનસભામાં એક વિધેયક પસાર કરાયું છે. આ વિધેયક પસાર થતાં વાલીઓને રાહત મળી હતી પરંતુ ખાનગી શાળાના સંચાલકોએ આ કાયદામાં છટકબારી શોધી નાંખી વાલીઓ પાસેથી મનમાની અને મસમોટી ફી ઉઘરાવવાનું શરૂ કરતા વાલીઓ માટે અસંમજસની સ્થિતિ પેદા થઈ છે. શાળા સંચાલકો જણાવી રહ્યા છે કે હાલમાં આ વિધેયક ગર્વનરની સહીમાં છે. ફી નિર્ધારણ આ વર્ષ માટે નહી પરંતુ આગામી શૈક્ષણિક વર્ષથી લાગુ પાડવામાં આવશે. ગાંધીનગર સહિત રાજ્યના વિવિધ શહેરોમાં આવેલી નામાંકિત ખાનગી શાળાના સંચાલકોએ ઈમેલ પાઠવીને અથવા અન્ય કોઈ માધ્યમથી વાલીઓ પાસેથી પ્રથમ સત્રની ફી માંગવાનો પ્રારંભ કરી દીધો છે. શાળા સંચાલકો એવી દલીલ કરી રહ્યા છે કે નવા વિધેયકની જોગવાઈઓ હજુ સુધી તેમની પાસે આવી નથી. જોગવાઈઓનો અભ્યાસ કર્યા પછી જ નવી ફી નિર્ધારણ કરી શકાશે. હાલમાં તો જુની ફી જ ચાલુ રહેશે.

શાળા સંચાલકોએ મનસ્વી રીતે ફી ઉઘરાવવાનું ચાલુ રાખતા વાલીઓને કોઈ લાભ મળ્યો નથી. આ વિધેયકથી હાલમાં તો કોઈ ફાયદો થયો હોવાનું જણાતુ નથી. કેટલાક વાલીઓએ આ અંગે શિક્ષણ વિભાગમાં અને છેક મુખ્યમંત્રી કક્ષાએ રજુઆત કરી છે. તેઓએ જણાવ્યું છે કે સરકાર ઈચ્છે તો શાળા સંચાલકો પર દબાણ લાવી તેઓને ફી ઘટાડવાનું કહી શકે છે. ચાલુ સત્રથી જ ફી ઘટે તો વિધેયકનો લાભ મળી શકે તેવુ વાલીઓ જણાવી રહ્યા છે.

# રામનવમી નિમિત્તે જલારામ ધામ ખાતે રકતદાન શિબિર યોજાઈ

### ફુલ ૪૯ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું : પ્રમુખ જીતુભાઈ સેજાણીએ ૨૧મી વાર રકતદાન કર્યું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સે-૨૯માં જલારામ ધામ ખાતે દર વર્ષની જેમ



આ વખતે પણ રામનવમીના પર્વની ઉજવણી નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરમાં કુલ ૪૯ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જલારામ મંદિરના ટ્રસ્ટી મંડળના પ્રમુખ જીતુભાઈ સેજાણીએ ૨૧મી વાર રકતદાન કરી પ્રેરક ઉદાહરણ પુરું પાડયું હતું.

ધાર્મિક પર્વની ઉજવણી સાથે સામાજિક જવાબદારીની ભાવના જાળવવાના હેતુથી જલારામ ધામ ખાતે દર વર્ષે રામનવમીના પર્વ નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યોજાયેલ રકતદાન શિબિરમાં કુલ ૪૯ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જલારામ ધામ ખાતે રામનવમીની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. અહીં સવારે ૮.૩૦ કલાકે પૂજા યોજાઈ હતી તથા ૧૦.૩૦ કલાકે રઘુવંશી ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. બરાબર બપોરે ૧૨ કલાકે ભગવાન શ્રી રામના જન્મ સાથે મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો.

# શહેરમાં શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ સંકલ્પ શૌર્ય રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૫

ભગવાન રામની જન્મ જયંતિની આજે ગાંધીનગરમાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ સંકલ્પ શૌર્ય રેલીનું પ્રસ્થાન થયું હતું. આ રેલીમાં મોટી સંખ્યામાં બાઈક સવાર ભાવિકો જોડાયા હતા. શૌર્ય થઈ સે-૭માં ભારતમાતા મંદિરે પુરી થઈ હતી. આ રેલીમાં ભાવિકોએ કેસરી ખેસ ધારણ કરી જયશ્રી રામના નારા અને જયજયકાર



રામનવમીના પર્વે ભાવિકોએ ભવ્ય શૌર્ય રેલી કાઢી હતી જેથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

શહેરમાં રામનવમીએ સવારે સેકટર-૨૯ જલારામ મંદિર ખાતેથી રેલી સે-૨૯થી ઘ-૭, સે-૨૮ બગીચો આદિવાડા એરફોર્સ સ્ટેશન સે-૨૬, સે-૨૪ ઈન્દિરાનગર આર્યસમાજ મંદિર થઈ ફતેપુર મહાત્મા મંદિર સે-૧૩, સે-૫, સંત રોહિદાસ મંદિર બોલાવી હતી. રેલીનું ઠેર ઠેર નગરજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો પણ જોડાયા હતા.

# આજે આશા બહેનોના વર્કશોપમાં વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની આશા કાર્યકરોનો એક દિવસીય વર્કશોપ આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો છે.

બે સત્રમાં આ વર્કશોપ યોજાશે. પ્રથમ સત્રમાં આશા કાર્યકરોને આગામી આરોગ્ય વિષયક સેવાઓને લગતા કાર્યક્રમો સાથે તે અંગેનું મહત્વ તેમજ તેમાં તેમની કામગીરીને લઈ જાણકારી આપવામાં આવશે.

બીજા સત્રમાં વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તેમજ જિલ્લાના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ સત્રમાં જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર આશા બહેનોને સન્માનિત કરી અને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ બીજા સત્રમાં રાજ્યના અધિકારીઓ પણ હાજર રહે તેવી સંભાવનાઓ છે.

# ગાંધીનગર જિલ્લાના વાલ્મિક સમાજ દ્વારા મનહરભાઈ ઝાલાનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના વાલ્મિક સમાજ દ્વારા આજરોજ રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગ, નવી દિલ્હીના અધ્યક્ષ તરીકે નિમણુંક પામનાર મનહરભાઈ ઝાલાના સન્માન સમારંભનું આયોજન આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાલ્મિક સમાજના અગ્રણીઓ દ્વારા મનહરભાઈ ઝાલાને પાઘડી પહેરાવીને સન્માન કર્યું હતું. તે ઉપરાંત સમાજના ભાઈ-બહેનો દ્વારા મોટી સંખ્યામાં તેઓનું સન્માન ફુલહાર અને મોમેન્ટો અર્પણ કરીને પણ કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુજરાત રાજય સફાઈ કામદાર વિકાસ નિગમના ઉપાધ્યક્ષ સુરેશ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના ડિરેકટર સર્વે અશોકભાઈ વાઘેલા, ગંગારામ સોલંકી અને જીવણભાઈ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં વાલ્મિક સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અહો આશ્ચર્યમ્ !!! વાહન વેચી દીધાના વર્ષો પછી ઈ-મેમો મળ્યો !!!

### તમારૂ વાહન વેચ્યા પછી ખરીદનારના નામે ટ્રાન્સફર થયું કે નહી તેની ચકાસણી કરો : જો વાહન ટ્રાન્સફર નહી થયુ હોય અને ગુનાહિત પ્રવૃત્તિમાં સંડાવાશે તો તમે વિના કારણ પરેશાનીનો ભોગ બનશો

ગાંધીનગર, તા. ૫

જરા કલ્પના કરો કે તમે તમારૂ વાહન વર્ષો પહેલા વેચી દીધુ હોય અને એ વાહન દ્વારા કોઈ ગુનાહિત પ્રવૃત્તિ અત્યારે આચરવામાં આવે જેની તપાસ તમારા પર આવે તો તમને કેવુ લાગે? અરે, ગુનાહિત પ્રવૃત્તિ તો મોટી વાત છે પરંતુ તમે વેચી દીધેલા વાહનો ટ્રાફિકના નિયમો જેવા કે હેલ્મેટ ન પહેરવા કે અન્ય કારણોસરનો ઈ-મેમો તમારા નામે તમારા ઘરે આવે તો શું કરશો? આ ઈ-મોમોની રકમ ભરશો કે નહી? આવી જ એક ઘટના પહેલા ગાંધીનગર અને હવે અમદાવાદ રહેતા એક વાહનમાલિક સાથે બનવા પામી છે.

હાલ અમદાવાદ રહેતા એક નાગરિકને જ્યારે તેઓ ગાંધીનગર રહેતા હતા ત્યારે તેમની માલિકીનું સ્કૂટર જે તેમણે વર્ષો પહેલા વેચી દીધુ હતુ તેનો ઈ-મેમો તેમના સરનામે આવ્યો છે. આ વાહન ચલાવનાર હાલના વાહન માલિકે ટ્રાફિકના નિયમનો ભંગ કર્યો હશે જેનો ઈ-મેમો તેમને તેમના નામે મળતા તેઓ ચોંકી ઉઠ્યાં હતા અને તુરંત જ ગાંધીનગરની આરટીઓ કચેરી ધસી ગયા હતા. અહીં તેમણે આરટીઓ અધિકારીને જણાવ્યું કે આ સ્કૂટર તો મેં વર્ષો પહેલા વેચી દીધુ છે તે અધિકારીએ વાહન વેચી દીધાનો પુરાવો રજૂ કરવા જણાવતા આ નાગરિકની હાલત વધુ કફોડી થઈ હતી. તેમણે કહ્યુ કે વર્ષો પહેલા મેં વાહન ખરીદનારને ટ્રાન્સફર ફોર્મ પર સહી કરી આપી હતી જેના આધારે મેં વાહન વેચ્યુ છે જેનો અત્યારે મારી પાસે પુરાવો ક્યાંથી હોય? તો જવાબમાં આરટીઓ અધિકારીએ તેને જો પુરાવો ના હોય તો દંડ ભરવો જ પડશે તેવું રોકડુ પરખાવ્યુ હતુ. પેલા નાગરિકને હવે એ ચિંતા સતાવી રહી છે કે જો અત્યારનો વાહનમાલિક તેમના આ જુના વાહન થકી કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાઈ ઝડપાશે તો હું તો વગર કારણનો ફસાઈ જઈશ ને?

# ભાજપના પ્રદેશ પ્રમુખ સામે મુંબઈ કોર્ટે બિનજામીનપાત્ર વોરંટ કાઢ્યું

ગાંધીનગર, તા. ૫

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સામે બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ થતાં રાજ્યના રાજકારણમાં એક નવો જ વળાંક આવ્યો છે. આ મુદ્દાને લઈ રાજ્યનું રાજકારણ પણ ગરમાયું છે.

સમગ્ર કેસની હકીકત એવી છે કે ખુબજ કિંમતી એવી સ્ટેન રોઝ સ્ટીલ લિમીટેડ (વોલ્વો સ્ટીલ તરીકે ઓળખાતી)ની જમીન તથા ફેકટરી હાઈકોર્ટના દ્વારા થયેલી જાહેર હરાજીમાં ઈવા ગ્રુપ ઓફ કંપનીઝે ખરીદી હતી. આ કંપનીમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી ભાગીદાર હતા. આ સમગ્ર મિલકત ૧૦.૮૫ કરોડ રૂપિયામાં તા. ૨૭-૮-૨૦૧૦ના રોજ ખરીદવામાં આવી હતી. ત્યાર બાદ જ આ મિલકત ઈવા ગ્રુપ ઓફ કંપનીઝે મુંબઈની નોવેલ્ટી પાવર ઈન્ફ્રાટેક કંપનીને ખુબ મોટી કિંમતે વેચી હતી અને આ વેચાણ પેટે ત્રણ કરોડ રૂપિયા લીધા હતા. લાંબા સમય સુધી ટાઈટલ કલીયર ન થવાથી સોદો રદ થયો હતો અને ઈવા ગ્રુપ ઓફ કંપનીએ પરત આપવાના સમાધાનકારી લખાણ કર્યા હતા અને તે સમયે ૨૪ લાખ રૂપિયા પ્રથમ હપ્તાના આપવાનું નક્કી થયું હતું અને ત્યાર બાદ બાકીના પુરેપુરા પૈસા એટલે કે ત્રણ કરોડ અને તેના વ્યાજ તથા અનુવંશીક નાણાં આપવાના હતા. પહેલા હપ્તાના પેટે અપાયેલા ચેક જ્યારે મુંબઈ ખાતે બેંકમાં જમા કરવામાં આવ્યા ત્યારે તે ચેક ડીએસઓનર થવાથી



મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની ૫૮ નંબરની કોર્ટ બાંદ્રા મુંબઈ ખાતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ સાથે ૧૪૧ નીચે ક્રિમીનલ કેસ દાખલ થયો હતો. જેમાં ઈવા ગ્રુપ ઓફ કંપનીના ભાગીદાર અને હાલના ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને તહોમતદાર તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. આ કેસ ખોટો છે અને રદ થવો જોઈએ તેમ કહીને જીતુભાઈ વાઘાણી તથા અન્ય દ્વારા ઉપરની અદાલતમાં અપીલ કરવામાં આવી હતી જે અપીલમાં ખોટી ફરિયાદ છે અને અમે રૂપિયા આપી દીધા છે તેવી રજૂઆત હતી. પરંતુ એપેલેટ કોર્ટે બન્ને પક્ષકારો તથા દસ્તાવેજી પુરાવાને ચકાસ્યા બાદ જીતુભાઈ વાઘાણી સહિત ઈવા ગ્રુપ કંપનીના ભાગીદારોની ક્રિમીનલ રીવીઝન અપીલો કાઢી નાખી હતી અને સ્પષ્ટ નોંધ્યું હતું કે દસ્તાવેજી પુરાવાને જોતા જે કઈ મેજિસ્ટ્રેટ કોર્ટે ગુન્હાની નોંધ લીધી છે તે વ્યાજબી છે. ત્યારબાદ મુંબઈની કોર્ટે બે વખત બેલેબલ વોરંટ જીતુભાઈ વાઘાણી તથા અન્ય સામે કાઢેલુ હતુ પરંતુ ગુજરાત પોલીસે આ વોરંટની બજવણી થઈ શકે તેમ નથી તેમ કહીને પરત કરેલ. ત્યારબાદ ફરિયાદીની અરજીને ધ્યાને લઈને મુંબઈની કોર્ટે ગુજરાત પોલીસની ટીકાના વલણની સાથે નોનબેલેબલ વોરંટ કાઢ્યું અને મુંબઈ પોલીસને વોરંટ બજાવવા માટે ભાવનગર જવા હૂકમ કર્યો હતો. ૨જી એપ્રિલ તથા ૩જી એપ્રિલના રોજ મુંબઈ પોલીસે ભાવનગર ખાતે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી તથા તેમના ભાગીદારોને વોરંટ બજાવવા પ્રયત્ન કરતા તહોમતદારો ઘેર નહી મળી આવતા તેનું પંચનામુ કર્યુ હતુ. આમ ભાજપના પ્રદેશ પ્રમુખ સામે મુંબઈ કોર્ટનું નોનબેલેબલ વોરંટ ઈસ્યુ થયેલું છે.

# રોટરી દહેગામની પોલિયો નાબૂદી અભિયાનમાં સરાહનીય કામગીરી

દહેગામ, તા. ૫

ભારત સરકાર તથા રોટરી ઈન્ટરનેશનલ જેવી સંસ્થાઓના અવિરત પ્રયાસોથી ભારતદેશ પોલિયો મુક્ત જાહેર થયેલ છે. પરંતુ ફરીથી પોલિયો વાયરસને ભારતમાં પ્રવેશતા અટકાવવાની કામગીરીના ભાગરૂપે ગત એસ.ટી. સ્ટેન્ડ, રીક્ષાસ્ટેન્ડ, સરકારી હોસ્પિટલ, લવાર ચકલા, ચંદનવાસ, હાઉસિંગ બોર્ડ, ઉમા વિદ્યાલય, સરદાર હોસ્ટેલ, ધર્મશાળા જેવા વિસ્તારોની મુલાકાત લઈ બાળકો-વાલીઓ તથા બુથ કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે બાળકોને



રવિવારે પોલિયોની રસીના ટીપા પિવડાવવાનો કાર્યક્રમ સમગ્ર રાજ્યમાં રાખવામાં આવેલ હતો.

'દો બુંદ જીંદગી કી' જેવી પોલિયોની રસીના ટીપાં ૦ થી ૫ વર્ષના બાળકોને પીવડાવવાનું અભિયાન ૨ એપ્રિલ રવિવારે હતુ. જેમાં રોટરીકલબ દહેગામે પ્રશંસનીય કામગીરી કરી હતી. રોટરી દહેગામની ટીમે શહેરમાં જુદી જુદી જગ્યાએ કાર્યરત બૂથો જેવા કે પ્લાસ્ટીકની દડી, સિસોટી, પોલિયોકેપ જેવી વસ્તુઓનું વિતરણ પણ કર્યુ હતુ.

આ અભિયાનમાં રોટરી દહેગામના પ્રેસિડેન્ટ રોટે. જગદીશ પટેલ, સેક્રેટરી પલક શાહ, મહેશ પટેલ, તુલસી પટેલ રંગેશ શાહ, ડૉ. જગદીશ જયસ્વાલ, ભરત પંચાલ, ચિલ્કેશ પટેલ, હિરાભાઈ પટેલ, વસંત પટેલ, નિતિન પટેલ સહિત મોટી સંખ્યામાં રોટેરિયન મિત્રો જોડાયા હતા.

# ગુજરાતમાં ચૂંટણી આવતાં જ ભાજપને પ્રજા કેમ યાદ આવી...? : ડૉ. હિમાંશુ પટેલ

ગુજરાતમાં છેલ્લા પચ્ચીસ વર્ષથી વિકાસના નામે લોલીપોપ આપનાર ભાજપ સરકાર વિધાનસભાની ચૂંટણી આવતા જ ગૌહત્યાથી લઈ દારૂબંધી તેમજ શિક્ષણ ફી નિયંત્રણથી લઈ ખેડૂતોને પ્લોટ આપવાની જાહેરાતો દ્વારા પ્રજાને ગુમરાહ કરી રહી હોવાનું જણાવતાં કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે મુખ્યમંત્રીને ખુલ્લો પત્ર લખી રાજ્યના મોટાભાગનાં શોષિત સમાજની માંગણીઓનો તાત્કાલિક ઉકેલ લાવવા પડકાર ફેંક્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને ખુલ્લો પત્ર લખી પ્રજાકીય સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે પડકાર ફેંક્યો છે. તેમણે જણાવ્યું છે કે, ભાજપ સરકારે છેલ્લા પચ્ચીસ વર્ષથી લોલીપોપ આપી વ્યાપક ભ્રષ્ટાચાર અને કૌભાંડો જ આચર્યા છે. ભાજપ સરકારે આજદિન સુધી મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને પોષીને યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ખેડૂતો, દલિત, આદિવાસી, કર્મચારીઓ અને વેપારીઓનું શોષણ જ કર્યું છે. ભાજપે જ છેલ્લા બે દશકામાં ઉભી કરેલી સમસ્યાઓથી પ્રજાનું ધ્યાન બીજે દોરવા માટે ચૂંટણી આવતાં જ વિવિધ જાહેરાતો અને નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ગૌહત્યાનો કાયદો લાવનાર ભાજપ સરકાર છેલ્લા ૨૫ વર્ષથી ક્યાં હતી? દારૂબંધી અને હુક્કાબાર બંધનો કાયદો કેમ લાવવો પડયો? ફિક્સ પગારમાં કેમ હવે વધારો કર્યો? બીન અનામત વર્ગને ૧૦ ટકા અનામતની લોલીપોપ કેમ બેસ્વાદ બની રહી?

ડૉ.હિમાંશુ પટેલે મુખ્યમંત્રીને સીધા પ્રશ્નો પૂછતા જણાવ્યું છે કે, ભાજપ સરકારને પચ્ચીસ વર્ષ સુધી પ્રજાને લૂંટ્યા બાદ હવે આ બધું કેમ યાદ આવી રહ્યું છે. વાયબ્રન્ટ પાછળ રૂ. ૧૦૦ કરોડનું પ્રચાર - પ્રસારમાં આંધણ કરનાર ભાજપ સરકારે વાસ્તવમાં કેટલાં એમઓયુનો અમલ કરી કેટલી સ્થાનિક રોજગારી આપી? દારૂબંધીનાં કાયદા પછી કે પહેલાં વિવિધ સમાજમાંથી આ દૂષણ છુટે તે માટે કઈ પોલીસી અમલમાં મુકી? ગુજરાતમાં સ્વનિર્ભર શાળા-કોલેજા કોણે શરૂ કરી અને ફીમાં ઉઘાડી લૂંટ ચલાવવાની છૂટ કોણે આપી...? શિક્ષણ ફી નિયંત્રણનો કાયદો કેમ લાવવો પડયો અને તેનો કડક અમલ ક્યારથી થશે? પાટીદારો ઉપર અનામત આંદોલનમાં કરાયેલા અત્યારચાર અને મોત માટે જવાબદાર કોણ? દલિતો ઉપર અત્યાચાર, મહિલાઓના શોષણ અને દુષ્કર્મ કેમ વધ્યાં? ઉત્તરપ્રદેશમાં સત્તા મળતાં જ ખેડૂતોનાં દેવામાં માફી આપી તો ગુજરાતમાં દેવા માફી ક્યારે અને ખાતરમાં ટેક્ષ નાબુદી કેમ નહીં? ફિક્સ પગારદારોનાં પગારમાં વધારો પણ નિમણૂંક તારીખથી બેઝીક પગાર - વધારો કેમ નહીં...? ડૉ. હિમાશુ પટેલે પ્રજાને ગુમરાહ કરવાના બદલે છેલ્લા પચ્ચીસ વર્ષથી મોટાભાગનાં શોષિત સમાજની સમસ્યાઓ ઉકેલવા લીધેલા પગલાં અંગે મુખ્યમંત્રીને શ્વેતપત્ર જાહેર કરવા અપીલ કરી છે.